# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ : તૃતીયખંડ

### પ્રશ્નપત્ર - ૨

**સમય : બપોરે ૨ થી ૫** **રવિવાર, ૧૦ જુલાઈ, ૨૦૧૧** **કુલ ગુણ : ૧૦૦**

**☞ અગત્યની સૂચના ☜**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.

**(વિભાગ - ૧ : 'સ્વામિનારાયણ વેદાંત પરિચય' દ્વિતીય આવૃત્તિ, જુલાઈ, ૧૯૯૪ ને આધારે)**

**નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. (૨) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે.**

**પ્ર.૧ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર વિસ્તૃત માહિતી લખો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ચાર સંદર્ભ હોવા જોઈએ. પરીક્ષાર્થીએ બધા જ મુદ્દા ન લખ્યા હોય, પણ પ્રશ્નના જવાબને પોતાની રીતે ન્યાય આપ્યો હોવો જોઈએ. વચનામૃતના નંબર પણ ન લખ્યા હોય તો ચાલે. આ નોંધ પ્રશ્ન-૧, પ્રશ્ન-૨ અને પ્રશ્ન-૩ને સરખી જ લાગુ પડે છે.**

૧. **સ્વમુખે સર્વાવતારીપણાની ઓળખ (૩૬ થી ૩૮)** સ્વ-સ્વરૂપનું સર્વોપરિપણું કૃપાએ કરીને શ્રીજીમહારાજ આ રીતે સમજાવે છે. **(૧)** આ સત્સંગને વિષે જે ભગવાન વિરાજે છે તે જ ભગવાનમાંથી સર્વે અવતાર થાય છે. અને પોતે તો અવતારી છે ને એ જ અનંત બ્રહ્માંડના રાજાધિરાજ છે, ને અક્ષરબ્રહ્મના પણ કારણ છે. (અમ.૬) **(૨)** ''માટે, ભગવાનની મૂર્તિનું બળ અતિશય રાખવું જે, સર્વોપરિ ને સદા દિવ્ય સાકાર મૂર્તિ અને સર્વ અવતારનું અવતારી એવું જે ભગવાનનું સ્વરૂપ છે તે જ મને પ્રાપ્ત થયું છે.'' (ગ.મ.૯) **(૩)** ''જે તેજને વિષે (અક્ષરધામને વિષે) મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે, એમ જાણજો.'' (ગ.મ.૧૩) **(૪)** ''અને એ અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રકટ થાય છે અને પાછા પુરુષોત્તમ વિષે લીન થાય છે.'' (ગ.મ.૧૩) **(૫)** ''માટે, સર્વ થકી પર એવું જે પુરુષોત્તમનું ધામ ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું... સર્વે બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેનો કર્તા પણ હું જ છું ને અનંત બ્રહ્માંડના અસંખ્ય શિવ, અસંખ્ય બ્રહ્મા, અસંખ્ય કૈલાસ, અસંખ્ય વૈકુંઠ અને ગૌલોક અને અસંખ્ય કરોડ બીજી ભૂમિકાઓ એ સર્વે મારે તેજે કરીને તેજાયમાન છે. અને વળી હું કેવો છું? તો, મારા પગને અંગૂઠે કરીને પૃથ્વીને ડગાવું તો અસંખ્ય બ્રહ્માંડની પૃથ્વી ડગવા લાગે ને મારે તેજે કરીને સૂર્ય, ચંદ્રમા, તારા આદિક સર્વે તેજાયમાન છે.'' (અમ.૭) **(૬)** ''અને એવા સર્વોપરિ જે પુરુષોત્તમ ભગવાન તે જે દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રકટ થયા થકા સર્વેજનના નયનગોચર વર્તે છે. અને તમારા ઈષ્ટદેવ છે. ને તમારી સેવાને અંગીકાર કરે છે. અને એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં ને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ પણ ભેદ નથી. એ બે એક જ છે. ને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વે કારણના પણ કારણ છે, ને સર્વોપરિ વર્તે છે, ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે ઉપાસના કરવા યોગ્ય છે.'' (ગ.અં.૩૮)

૨. **અક્ષરબ્રહ્મનું અન્વય - વ્યતિરેકપણું અને સગુણ-નિર્ગુણપણું (૪૪થી૪૬)**

**(૧)** માયા અને માયાનાં કાર્ય જે અનંતકોટિ બ્રહ્માંડ તેને વિષે વ્યાપકપણે જે અક્ષરબ્રહ્મને કહેવા તે એનું અન્વયપણું છે. (ગ.પ્ર. ૭) **(૨)** અને અન્વયપણે કરીને તો સર્વ ઠેકાણે (અક્ષરબ્રહ્મ વ્યાપક) છે. જેમ આકાશ છે તે અન્વયપણે કરીને તો સર્વત્ર છે. (ગ.મ. ૬૪) **(૩)** અને પ્રકૃતિપુરુષ તથા સૂર્યચંદ્રાદિક સર્વદેવતા તેનું જે પ્રેરક તે અક્ષરનું અન્વય સ્વરૂપ. (સા. ૫) **(૪)** જ્યારે માયા અને માયાના કાર્ય જે અનંતકોટિ બ્રહ્માંડથી વ્યતિરેક (અર્થાત્ જુદા ને પર) સચ્ચિદાનંદપણે જે અક્ષરબ્રહ્મને કહેવા તે એનું વ્યતિરેકપણું છે. (ગ.પ્ર. ૭) **(૫)** ભગવાનનું જે અક્ષરધામ છે તે વ્યતિરેકપણે તો પ્રકૃતિપુરુષ થકી પર છે.

(ગ.મ. ૬૪) (૬) આમ, જે સ્વરૂપને વિષે પુરુષ, પ્રકૃતિ આદિ કાંઈ ઉપાધિ રહેતી નથી. એક પુરુષોત્તમ ભગવાન જ રહે છે એ અક્ષરનું વ્યતિરેક સ્વરૂપ છે. (સા. ૫) (૭) ભગવાન સ્વામિનારાયણ આ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ અને મહિમા સમજાવતાં કહે છે : સગુણ અને નિર્ગુણ સંજ્ઞાઓ અક્ષરને લાગુ પડે છે, કારણ કે અક્ષરબ્રહ્મ નિર્ગુણપણે અતિસૂક્ષ્મ પરમાણુ કરતાં પણ સૂક્ષ્મ છે અને એક પરમેશ્વર સિવાય સર્વમાં વ્યાપક છે. માયા અને માયાનું કાર્ય એવાં અનંતકોટિ બ્રહ્માંડોમાં અન્વયપણે બાહ્યાંતર વ્યાપક છે. જ્યારે સગુણપણે તો (એક પરમેશ્વર સિવાય) મોટામાં મોટું પદાર્થ તે થકી પણ અતિ મોટા છે. (ગ.પ્ર. ૭, અને ગ.મ. ૪૨, ૬૪) (૮) પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્વ, પ્રકૃતિપુરુષ ઈત્યાદિ સર્વેનું કારણ (આધાર) અક્ષરબ્રહ્મ છે. એ અક્ષરની સંકોચ અને વિકાસ અવસ્થા થતી નથી. તે કૂટસ્થ છે. સદા ધ્રુવ છે, અચલ છે, સદાય એકરૂપે રહે છે અને પુરુષોત્તમ તો અક્ષરથી પણ પર છે. (ગ.પ્ર. ૬૩) (૯) પરબ્રહ્મ તો અક્ષર થકી અન્ય છે અને ઉત્તમ છે. તેથી જ તે 'પુરુષોત્તમ' કહેવાય છે. (વેદરસ - ૨૨૦) (૧૦) પરબ્રહ્મ તો જે અક્ષરધામમાં પોતે રહ્યા છે, તે અક્ષરને પણ લીન કરીને, પોતે સ્વરાટ થકા એકલા જ વિરાજમાન રહે અને પોતાને મનમાં આવે તો એ અક્ષરધામ વિના પણ અનંતકોટિ મુક્તોને પણ પોતાના ઐશ્વર્યે કરીને ધારવા સમર્થ છે. (લો. ૧૩) (૧૧) મૂર્તિમાન અક્ષરબ્રહ્મના સાધર્મ્યપણાને પામીને કેવળ ભગવાનની મૂર્તિને વિષે જ નિમગ્ન રહેનારો ભક્ત જ નિર્વિકલ્પ સમાધિવાળો છે અને તે જ મુક્તિને પામે છે અને તે જ પરબ્રહ્મની નિત્ય ભક્તિનો અધિકારી બને છે. (ગ.પ્ર. ૪૦, શિક્ષાપત્રી ૧૨૧, ૧૧૬)

૩. **ઉત્પત્તિ સર્ગ (વર્ણનાત્મક) (૪૯ થી ૫૩)** (૧) પ્રકૃતિ સ્વયં, પોતાની મેળે સૃષ્ટિ-સર્જન કરવાની ક્ષમતાશક્તિ ધરાવતી નથી. પરંતુ પરબ્રહ્મ- પરમેશ્વરના સંકલ્પથી તેમની અધ્યક્ષતા-પ્રશાસનમાં રહીને તે સૃષ્ટિ સર્જે (ઉત્ક્રાંતે) છે. (૨) ઉત્પત્તિ સમયે પરબ્રહ્મ-પુરુષોત્તમ સંકલ્પ કરી અક્ષરબ્રહ્મ સામી દૃષ્ટિ કરે છે, ત્યારે અક્ષરધામમાંથી એક અક્ષરમુક્ત પરમેશ્વરની ઈચ્છાએ કરીને સૃષ્ટિરૂપ સેવા કરવા તૈયાર થાય છે. તે સમયે પુરુષોત્તમ, અક્ષરબ્રહ્મમાં પ્રવેશ કરીને, તે દ્વારાએ અક્ષરપુરુષ (અક્ષરમુક્ત) ને વિષે પ્રવેશ કરે છે. (૩) 'આ અક્ષરપુરુષને 'બ્રહ્મ' કહે છે, 'મુક્ત' કહે છે 'મૂળપુરુષ' કહે છે, 'મહાપુરુષ' પણ કહે છે. બહુધા શાસ્ત્રમાં આને જ પુરુષોત્તમ તરીકે વર્ણવેલ છે. - ગ.પ્ર. ૧૨ અને ગ.મ. ૩૧ (૪) આમ પરબ્રહ્મ, પુરુષરૂપે થઈને (પુરુષ દ્વારા) મૂળ પ્રકૃતિ (મહામાયા)ને વિષે પોતાની શક્તિને પ્રેરે છે. માયાના ત્રણ ગુણોની સામ્યાવસ્થા વિચલિત થાય છે. (૫) આ રીતે પુરુષ (મૂળપુરુષ/અક્ષરાત્મક પુરુષ) અને પ્રકૃતિ (મૂળ પ્રકૃતિ)ના સાન્નિધ્ય માત્રથી અને પ્રેરકશક્તિથી અનંત 'પ્રધાનપુરુષ'નાં જોડેલાં અનંત બ્રહ્માંડોના સર્જન અર્થે ઉત્પન્ન થાય છે. (ગ.પ્ર. ૧૨) પ્રત્યેક 'પ્રધાનૅપુરુષ'નાં જોડલાંમાંથી દેવલોક, દૈત્યલોક, અને સ્થાવર-જંગમ-સૃષ્ટિયુક્ત મનુષ્યલોકવાળું, ચોવીસ તત્ત્વોનું બનેલું એક બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે. (ગ.પ્ર. ૪૧ અને ગ.પ્ર. ૧૨) (૬) ઉત્પત્તિની વાત સુંદર રૂપકથી ભગવાન સ્વામિનારાયણ સમજાવે છે : ''જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરમેશ્વર-એ સર્વે અનાદિ છે. માયા છે તે તો પૃથ્વીને ઠેકાણે છે અને પૃથ્વીમાં રહ્યાં જે બીજ તેને ઠેકાણે જીવ છે અને ઈશ્વર તો મેઘને ઠેકાણે છે. તે પરમેશ્વરની ઈચ્છાએ કરીને પુરુષરૂપ જે ઈશ્વર તેનો માયા સંગાથે સંબંધ થાય છે ત્યારે જેમ મેઘના જળના સંબંધે કરીને પૃથ્વીમાં હતાં જે બીજ તે સર્વે ઊગી આવે છે, તેમ માયામાંથી અનાદિ કાળના જીવ હતા તે ઉદય થઈ આવે છે, પણ નવા જીવ નથી થતા. માટે જેમ ઈશ્વર અનાદિ છે તેમ માયા પણ અનાદિ છે, ને તે માયાને વિષે રહ્યા જે જીવ તે પણ અનાદિ છે. (ગ.અં. ૧૦) (૭) ટૂંકમાં સર્વ સૃષ્ટિની પહેલાં એક પરમાત્મા જ હતા અને સર્વ સૃષ્ટિના પ્રલયને અંતે પણ તે એક જ રહે છે. (ગ.પ્ર.૫૬) પરમાત્મા, પોતાનું ધામ જે અક્ષર અને મુક્તો આ ત્રણ નિત્ય નિરંતર હતા, છે ને રહેશે, કારણ કે તે સર્વે કાળ-માયાથી પર છે. **ઉત્પત્તિસર્ગની મીમાંસા ચાર મુદ્દાઓ સ્પષ્ટ કરે છે : (૧)** પરબ્રહ્મ-પરમાત્મા જ જગતનું નિમિત્ત કારણ છે, કારણ કે તેમના સંકલ્પ, પ્રેરણા અને પ્રવેશથી જ ઉત્પત્તિ શરૂ થાય છે. વળી, જગતનું ઉપાદાન કારણ પણ પરબ્રહ્મ-પરમાત્મા જ છે, કારણ કે પરમાત્માના શરીરના એકદેશમાં જીવેશ્વરોની લીનતા કરીને રહેલી માયા-પ્રકૃતિમાંથી જ અનંતકોટિ બ્રહ્માંડો ઉત્પન્ન થાય છે. અર્થાત્ વ્યક્ત થાય છે. (૨) ભગવાન સ્વામિનારાયણને અભિપ્રેત કાર્યકારણ સિદ્ધાંત એટલે 'પરબ્રહ્મ પ્રશાસિત પ્રકૃતિ-પરિણામવાદ'. કારણ કે પરબ્રહ્મના સંકલ્પમાત્રથી જ પ્રકૃતિને પુરુષનો સંયોગ અને વિયોગ અનુક્રમે સૃષ્ટિ તથા પ્રલય અર્થે થાય છે. આને સત્કાર્યવાદ પણ કહી શકાય. માયા (પ્રકૃતિ) સત્ છે. માયાનું કાર્ય જગત પણ સત્ છે. (પરંતુ પરિવર્તનશીલ અને નાશવંત છે.) સત્ એવા પરબ્રહ્મની સંકલ્પશક્તિનું પુરુષદ્વારાએ માયા-પ્રકૃતિનું પરિણામ છે. પરબ્રહ્મ ચિદ્ (ચેતન) અને અચિદ્ (જડ)માં વ્યાપીને રહ્યા છે. આમ, પરમેશ્વર સર્વકારણના કારણ છે. (૩) સર્જન પ્રક્રિયા કોઈપણ પ્રકારના દબાણ, ફરજ કે કેવળ લીલા(રમત)ને ખાતર પરબ્રહ્મ શરૂ કરતા નથી. પરંતુ અતિશય કરુણાયુક્ત, કૃપાપ્રસાદથી પ્રેરાઈને જીવોના કલ્યાણ કરવાના ઉચ્ચ હેતુથી જ પરબ્રહ્મ જગતને સર્જે છે. અનાદિકાળથી ભટકતા બદ્ધ જીવોને માયાકૃત ઉપાધિમાંથી મુક્ત થઈ, બ્રહ્મરૂપ થઈ, અવિદ્યા-જન્મમરણથી નિવૃત્તિ પામી પૂર્ણત્વ, પરમાનંદ અને પરમેશ્વરના ધામમાં નિત્ય નિવાસ કરવાની તક મળે, એવા શુભ હેતુથી પરમેશ્વર જગતની સૃષ્ટિ કરે છે. તે જ પ્રમાણે જ્યારે નાનાપ્રકારની સંસૃતિથી જીવો થાકે છે ત્યારે તેમની વિશ્રાંતિને અર્થે પ્રલય કરે છે. (કા. ૧ને આધારે)

મહાસૃષ્ટિ અને મહાપ્રલય (આત્યંતિક પ્રલય) કેવળ પરબ્રહ્મ-પરમાત્માની ઈચ્છા સંકલ્પ પર અવલંબે છે, અને નહીં કે કોઈ નિશ્ચિત કાળ-ગણના પર. (૪) પરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મ આ બંને ઉત્પત્તિ અર્થે સીધા જ પ્રકૃતિ સાથે જોડાયેલા નથી. (પ્રકૃતિ સાથે મૂળપુરુષ અર્થાત્ અક્ષરાત્મક પુરુષ જોડાય છે.) વળી, ઉત્પત્તિ અર્થે પરબ્રહ્મ કે અક્ષરબ્રહ્મ ચ્યવીને (પરિવર્તન પામીને અંશોમાં વિભાજિત થઈને) જીવો તથા ઈશ્વરો રૂપે થતાં નથી. (ગ.પ્ર. ૪૧ અને ગ.મ. ૩ને આધારે) તેમજ એક જ જીવ અનેકરૂપે થતો નથી. (ગ.પ્ર. ૧૩)

**પ્ર-૨ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

૧. **પરબ્રહ્મનું અન્વય-વ્યતિરેકપણું અને એકદેશી-સર્વદેશીપણું (૨૯-૩૦) ૧. અન્વય-વ્યતિરેકપણું : (૧)** પરબ્રહ્મ ભગવાન વ્યતિરેક થકા સર્વમાં અન્વયપણે રહ્યા છે, અને અન્વય થકા પણ વ્યતિરેક જ છે. (ગ.પ્ર.૭૮) **(૨)** અક્ષરબ્રહ્મ, ઈશ્વર, જીવ, માયા ને માયાનાં કાર્ય જે બ્રહ્માંડ એમને વિષે, ભગવાનને અંતર્યામી કહેવા અને નિયંતાપણે કહેવા તે ભગવાનનું અન્વયપણું છે. વળી, બદ્ધ જીવ તથા મુક્ત જીવ એ બેના હૃદયમાં સાક્ષીરૂપે રહ્યા છે અને બદ્ધપણું ને મુક્તપણું જેને અડતું નથી, તેમ જ ઈશ્વરના ને અક્ષરના હૃદયમાં સાક્ષીરૂપે રહ્યા છે અને તે તે ઉપાધિ (ઈશ્વરપણું અને અક્ષરપણું) થકી રહિત છે એ પુરુષોત્તમનું અન્વય સ્વરૂપ છે. (ગ.પ્ર.૭, સા.૫) **(૩)** અને એ સર્વેથી પૃથક્પણે કરીને પોતાના ધામને વિષે જે બ્રહ્મજ્યોતિ તેને વિષે રહ્યા છે એમ જે કહેવું તે ભગવાનનું વ્યતિરેકપણું છે. અર્થાત્ જીવ, ઈશ્વર ને અક્ષર તે થકી પર જે અક્ષરાતીત સ્વરૂપ એ પુરુષોત્તમનું વ્યતિરેક સ્વરૂપ જાણવું. (ગ.પ્ર. ૭, સા.-૫) **(૪)** વળી, ભગવાન તો માયા ને માયાનું કાર્ય તેને વિષે અન્વય થકા પણ આકાશની પેઠે વ્યતિરેક (નિર્લેપ) જ છે. (વર.૭)
**૨. એકદેશીપણું-સર્વદેશીપણું : (૧)** ભગવાન તો સદાય મૂર્તિમાન જ છે, પરંતુ તે પરબ્રહ્મ ભગવાન એકદેશી થકા સર્વદેશી છે. એક ઠેકાણે રહ્યા થકા પોતાની ઈચ્છાએ કરીને જ્યાં દર્શન દેવાં હોય ત્યાં દર્શન આપે છે અને એકરૂપે થકા અનંતરૂપે ભાસે છે. અર્થાત્ તે મૂર્તિમાન ભગવાન અક્ષરધામમાં રહ્યા થકા જ અનંતકોટિ બ્રહ્માંડમાં ભાસે છે. અનંતકોટિ બ્રહ્માંડોને વિષે જ્યાં જેવું જણાવું ઘટે ત્યાં તેમ જણાય છે. (વર-૧૩, ગ.મ. ૬૪, લો.૪) **(૨)** સર્વના હૃદયને વિષે પણ વ્યાપીને રહ્યા છે અને મૂર્તિમાનની પેઠે ક્રિયાને કરે છે. તેમની વ્યાપક અંતર્યામીશક્તિ પણ સાકાર જ છે. અને એવા મૂર્તિમાન એકદેશી છે તે જ પ્રમાણે મૂર્તિમાનપણે જ સર્વત્ર રહ્યા છે. (ગ.પ્ર. ૪૫, લો. ૧૫)

૨. **અક્ષરબ્રહ્મઃ ધામરૂપ (૪૧-૪૨) (૧)** અક્ષરરૂપ જે (મૂર્તિમાન) બ્રહ્મ તે જ શ્રી પુરુષોત્તમનારાયણને રહેવા સારું ધામરૂપ થયું છે. ને સર્વ અક્ષરબ્રહ્મ (બ્રહ્મસંજ્ઞાવાળા અક્ષરમુક્તો થકી) ભગવાનના ધામરૂપ જે અક્ષરબ્રહ્મ તે અનાદિ છે. ને એને કોઈ ધામની ઉપમા ન દેવાય તેવું છે. (અમ. ૬) **(૨)** આ અક્ષરધામ અનંત છે, અપાર છે, અધોઊર્ધ્વ ને પ્રમાણે રહિત છે. અપ્રાકૃત છે, સચ્ચિદાનંદ છે. આ ધામની સંકોચ-વિકાસ અવસ્થા નથી. આ ધામ સદા અવિનાશી છે. જ્યારે બીજાં ધામો પ્રાકૃત પ્રલય કે આત્યંતિક પ્રલયમાં નાશ પામે છે. અન્ય ધામો અક્ષરધામની તુલનામાં તુચ્છ છે. ‘એ ભગવાનના ધામનો હેઠે, ઉપર ને ચારેકોરે અંત નથી કેમ જે એ અપાર છે.... ને તે ધામને વિષે અસંખ્ય પાર્ષદો (મુક્તો) રહ્યા છે તે સર્વ ભગવાનની સેવામાં નિરંતર તત્પર રહ્યા છે. (અમ. ૬) **(૩)** અનંત મુક્તો એ ધામમાં પરબ્રહ્મની મૂર્તિનું નિરંતર સુખ લે છે અને પરબ્રહ્મના સુખે સુખિયા છે. એ સુખ અપરિમિત છે. અક્ષરધામના (બ્રહ્મરૂપ) તેજના સમૂહના મધ્યભાગને વિષે એક મોટું સિંહાસન છે ને તેની ઉપર દિવ્યમૂર્તિ એવા જે શ્રી નારાયણપુરુષોત્તમ ભગવાન વિરાજમાન છે ને તે સિંહાસનને ચારેકોરે અનંતકોટિ મુક્ત બેઠા થકા તે નારાયણનાં દર્શન કરે છે. (લો. ૧૪) **(૪)** તે ભગવાનનું ધામ તો સનાતન છે, નિત્ય છે, અપ્રાકૃત છે, સચ્ચિદાનંદ છે, અનંત છે અને અખંડ છે. તેને દૃષ્ટાંતે કરીને કહીએ છીએ - જેમ પર્વત ને વૃક્ષાદિકે સહિત અને મનુષ્ય-પશુ-પક્ષ્યાદિકની જે આકૃતિ તેણે સહિત એવી જે આ સમગ્ર પૃથ્વી તે કાચની (અરીસારૂપ) હોય અને આકાશને વિષે જે સમગ્ર તારા તે સર્વ સૂર્ય હોય, પછી તેને તેજે કરીને તે સમગ્ર આકૃતિએ સહિત કાચની પૃથ્વી જેવી શોભે તેવી શોભાએ યુક્ત ભગવાનનું ધામ છે. (ગ.પ્ર. ૧૨) **(૫)** જેમ તેજનો મહાસાગર શોભે, તેમ અક્ષરધામ એવું અનવધિકાતિશય તેજોમય છે. અનંતકોટિ સૂર્ય-ચંદ્ર-અગ્નિનું તેજ ભેગું કરવામાં આવે તો પણ તે અક્ષરધામના તેજની તોલે ન આવે એવું શીતળ અને શાંત અક્ષરબ્રહ્મનું એ જ્યોતિઃસ્વરૂપ છે. તેને વિષે પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ સદાય રહી છે. (ગ.અં. ૩૧) (ગ.પ્ર. ૭, ૧૨, ૧૪, ૩૦, ૪૬. સા. ૯, ૧૦. કા. ૭, ૮. લો. ૭. ગ.મ. ૧૩, ૩૦, ૪૨, ૬૪. ગ.અં. ૭)

૩. **વિદેહમુક્તિ (૭૭) (૧)** વિદેહમુક્તિ એ દેહ મૂક્યા કેડે થતી પરમપદની પ્રાપ્તિ છે; જ્યારે જીવનમુક્તિ એ, એ જ સુખની દેહ છતાં અનુભવાતી (પૂર્ણકામપણાની) સ્થિતિ છે. આવો ભક્ત દેહ મૂક્યા કેડે (વિદેહમુક્તિમાં) ભગવાને આપેલ ભાગવતી તનુએ કરીને ભગવાનની સેવાને વિષે રહે છે. (ગ.પ્ર. ૫૩, ૬૩) **(૨)** અને ભગવાનનો ભક્ત જ્યારે દેહ મૂકે છે ત્યારે સાક્ષાત્ પરબ્રહ્મ ભગવાન પોતે જ તેને સ્વધામ - અક્ષરધામમાં લઈ જવા દિવ્ય દેહે પધારે છે

અને નિર્વાસનિક થયેલા બ્રાહ્મી સ્થિતિ પામેલા ભક્તજનને કૃપાએ કરીને અષ્ટપ્રકારની જડ પ્રકૃતિથી ભિન્ન એવો અપ્રાકૃત દિવ્ય ચૈતન્યમય (પ્રકાશમય) દેહ ભગવાન પોતે જ આપે છે, જેણે કરીને પરમધામ-અક્ષરધામમાં પરબ્રહ્મની સેવા-ભક્તિનું સુખ અને પરમાનંદ ચિરંતન માણે છે. **(૩)** ભગવાનના પરમ અક્ષરધામમાં પરબ્રહ્મ ભગવાન, અક્ષરબ્રહ્મ અને અક્ષરમુક્તો એ સર્વેનો આકાર ભગવાનના જેવો છે, સત્ય છે, દિવ્ય છે, અતિશય પ્રકાશે યુક્ત છે, પુરુષના જેવો દ્વિભુજ છે, ને સચ્ચિદાનંદરૂપ છે તો પણ મુક્તો પુરુષ છે, જ્યારે ભગવાન પુરુષોત્તમ છે ને તે સર્વમાં શ્રેષ્ઠ છે, ને એ સર્વેને ઉપાસ્ય છે ને સર્વેના સ્વામી છે (ગ.અં. ૩૭, ૩૮) ધામમાં અક્ષરબ્રહ્મ અને સર્વે મુક્તો દાસભાવે પરબ્રહ્મની નિત્ય નિરંતર ધ્યાન-ભક્તિમાં રત રહે છે. **(૪)** એવી રીતે ભગવાનના ભક્ત મુક્તિ દશામાં ભગવાનના સાધર્મ્યપણાને પામે છે તો પણ, સ્વામી-સેવકપણું રહે છે. (ગ.મ. ૬૭) 'સાધર્મ્યપણું' એટલે પુરુષોત્તમ સમાકાર દિવ્ય તનુ પ્રાપ્ત થાય છે. પરંતુ પરમધામ-અક્ષરધામની (મુક્તિની) પ્રાપ્તિ થયા પછી પણ 'સ્વામી-સેવક' 'પરમેશ્વર-દાસ', 'ભગવાન-ભક્ત', 'ઉપાસ્ય-ઉપાસક' ભેદ અને સંબંધ નિત્ય નિરંતર રહે છે. ટૂંકમાં અક્ષરબ્રહ્મ (સાકાર અક્ષરબ્રહ્મના સ્વરૂપ) સાથે મુક્તો સર્વેનો અભેદ (ગુણસાધર્મ્યભાવના અર્થમાં), અને પરબ્રહ્મ સંગાથે ભેદ (સેવક/દાસ-પણાના અર્થમાં) કાયમ રહે છે. (ગ.મ. ૬૭ ને ૩૧) **(૫)** તેમજ, પ્રકાશપણે સજાતિપણું હોવા છતાં ભેદ અતિશય છે. (લો. ૧૫) **(૬)** અક્ષરધામમાં મુક્તો સર્વે નિરંતર પુરુષોત્તમની મૂર્તિનું અવર્ણનીય સુખ-આનંદ લેવામાં જ અખંડ રત હોય છે. **(૭)** આમ, સ્વામી-સેવકભાવની ભક્તિમાં દાસત્વપણું એ અમાનીત્વની પરાકાષ્ઠા છે. અહંકારનું સંપૂર્ણ નિરસન છે. 'સ્વ'ને ભૂલી 'પર'મય થવાનું ચરમ લક્ષ્ય છે તેથી બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની ભક્તિ કરવી, તેમના ચરણનું સેવન કરવું - તેને જ ઉપાસનાની સિદ્ધિ અને તેને જ મુક્તિ માની છે. (શિક્ષા. ૧૨૧)

૪. **ઈશ્વર (૫૩ થી ૫૬)** **(૧)** ઈશ્વર ચૈતન્યધર્મ યુક્ત ભિન્ન તત્ત્વ છે. **(૨)** ઈશ્વરનું ચૈતન્યધર્મપણું જીવ કરતાં વિશેષ છે અને ચડિયાતું છે. **(૩)** ઈશ્વરો અસંખ્યાત છે. એકબીજાથી ભિન્ન છે. **(૪)** જીવ અને ઈશ્વર વચ્ચે ખદ્યોત-તારા જેટલો ભેદ છે. ચૈતન્યપણું, ધર્મભૂતજ્ઞાન અને સર્વજ્ઞપણું ઈશ્વરનાં લક્ષણો છે. **(૫)** ઈશ્વરની સત્તા અને જ્ઞાનશક્તિ જીવ કરતાં વધુ છે. **(૬)** ઈશ્વર, જીવથી સ્વતંત્ર, ભિન્ન અને પર છે, પરંતુ માયા, અક્ષરમુક્ત, અક્ષરબ્રહ્મ અને પરબ્રહ્મથી નિમ્ન છે. **(૭)** ઈશ્વરો પરબ્રહ્મને આધીન, પરબ્રહ્મ દ્વારા વ્યાપ્ય અને પરબ્રહ્મ આગળ અતિ-અસમર્થ છે. **(૮)** ઈશ્વરનાં દેહમાં રહેલ પંચભૂત મહાભૂતો છે. વિરાટ, સૂત્રાત્મા અવ્યાકૃત - એ ત્રણ ઈશ્વરનાં શરીર છે અને ઈશ્વર તેના શરીરી છે. ઈશ્વરો સર્વે મહામાયાથી બદ્ધ છે, મહાકારણ દેહથી યુક્ત છે. વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત-એ ઈશ્વરની દેહરૂપ માયા છે. (કા.૧૨) **(૯)** ઈશ્વરની સ્થિતિ પ્રકૃતિનાં અષ્ટ આવરણની અંતર્ગત છે. પ્રલયકાળે ઈશ્વરો પણ પ્રકૃતિમાં (મૂળ પ્રકૃતિમાં) લીન થઈ (લય પામી) જાય છે. **(૧૦)** ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય-એ ત્રણ ઈશ્વરની અવસ્થા છે. ઈશ્વરો પણ જીવની માફક માયાથી (મહામાયાથી) વેષ્ટિત છે. **(૧૧)** ઈશ્વરની આવરદા જીવની અપેક્ષાએ ઘણી લાંબી અને વિસ્તરિત છે. **(૧૨)** ઈશ્વર સર્વજ્ઞ છે, અર્થાત્ ઈશ્વરની જ્ઞાતૃત્વશક્તિ પોતાના દેહ ઉપરાંત જે બ્રહ્માંડનું કાર્ય તેને સોંપાયું હોય તે બ્રહ્માંડવ્યાપી છે. **(૧૩)** ઈશ્વરનું સર્વજ્ઞપણું જે બ્રહ્માંડ પર તેનું આધિપત્ય ચાલતું હોય તેના પૂરતું સીમિત છે. **(૧૪)** ઈશ્વર પોતાના પ્રશાસન હેઠળના બ્રહ્માંડમાંથી જેવો દેહ (રૂપ) ધારણ કરવો હોય અને જ્યાં પ્રકાશવું હોય ત્યાં તેવા દેહથી પ્રગટ થઈ શકવાનું ઐશ્વર્ય-સામર્થી ધરાવે છે. **(૧૫)** ઈશ્વરો સર્વેને પુરુષ (મૂળ પુરુષ)ની ઉપાસના છે. **(૧૬)** ઈશ્વરને મોક્ષાર્થે પૃથ્વી પર ભગવાન કે ભગવાનના ધારક સંતના સાન્નિધ્યમાં મનુષ્ય દેહ ધરીને સેવા સમાગમ કરવા આવવું પડે છે. તેને સત્યજ્ઞાન પ્રાપ્ત થયા પછી, પોતાની આવરદા પૂરી થયે પુરુષોત્તમની ભક્તિ-ઉપાસનાના બળે કરીને તે ભગવાનના પરમ ધામને પામે છે. (ગ.મ.૩૧, કા.૧૨, ગ.મ.૧૦, સા.૫,૬, ગ.પ્ર.૭) **(૧૭)** ઈશ્વર કહેતાં વિરાટપુરુષના વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ દેહ છે ને તે અષ્ટ આવરણે યુક્ત છે. (ગ.મ. ૩૧) **(૧૮)** આમ, વિરાટ સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ઈશ્વરની માયા છે, એમ કહેવાય. (કા.૧૨) **(૧૯)** એ વિરાટપુરુષ પણ સંકર્ષણ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્નની ઉપાસના કરે છે.. અને જ્યાં સુધી એ ત્રણની ઉપાસના કરે છે ત્યાં સુધી તેને તે માયાનો સંબંધ તે ટળતો નથી. અને જ્યારે એ નિર્ગુણ એવા જે વાસુદેવ ભગવાન (અક્ષરાતીત પુરુષોત્તમ) તેની ઉપાસના કરે છે ત્યારે એ વૈરાજપુરુષ માયાનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ થાય છે. (ગ.મ.૩૧) **(૨૦)** વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ શરીરે સહિત જે ઈશ્વરને કહેવા તે ઈશ્વરનું અન્વયપણું છે. (ગ.પ્ર.૭) **(૨૧)** વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત એ ત્રણ શરીરમાં એકરસપણે વર્તે એ ઈશ્વરનું અન્વય સ્વરૂપ જાણવું. (સા.૫) **(૨૨)** એ ત્રણ શરીરથી પૃથક્ ને સત્તામાત્રપણે કહેવા તે ઈશ્વરનું વ્યતિરેકપણું છે. (ગ.પ્ર.૭) **(૨૩)** અને પિંડ-બ્રહ્માંડથી પર સચ્ચિદાનંદપણે કરીને જે નિરૂપણ કર્યું છે તે ઈશ્વરનું વ્યતિરેક સ્વરૂપ જાણવું. (સા.૫) જીવને માયાનો સંબંધ છે, તેમ ઈશ્વરને પણ (મહા) માયાનો સંબંધ છે. બંને બદ્ધ છે. ઈશ્વર માયાના ભોગને ભોગવીને પ્રલયકાળ વખતે માયાનો ત્યાગ કરી શકે છે, તેથી

ત્યાગ કરે છે, જ્યારે જીવ તો માયાના ભોગ ભોગવીને, દુઃખી થઈને માયામાં જ પાછો લીન થાય છે; પરંતુ પોતાની મેળે માયાનો ત્યાગ કરી શકતો નથી. જીવ તથા ઈશ્વર આ બંનેના પ્રકાશક તથા બંનેમાં અંતર્યામીરૂપે વ્યાપીને પરબ્રહ્મ પરમાત્મા રહ્યા છે. પ્રધાનપતિ-પુરુષ, મહાવૈરાજ, મહાવિષ્ણુ, વિરાટથી માંડીને બ્રહ્મા, વિષ્ણુ, મહેશનો તથા ઈન્દ્રિયો-અંતઃકરણના દેવતા અને સૂર્ય, ચંદ્ર, અગ્નિ, વરુણ ઈત્યાદિ સર્વે દેવદેવીઓનો ઈશ્વરકોટિમાં સમાવેશ થાય છે.

**('એકાંતિક ધર્મના ધારક સત્પુરુષ', પાંચમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૭ના આધારે)**

**પ્ર.૩ નીચે આપેલા પ્રશ્નનો મુદ્દાસર જવાબ લખો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ : નીચેનામાંથી ઓછામાં ઓછા કોઈપણ ચાર સંદર્ભ લખેલા હોવા જોઈએ.**

૧. **પરમ એકાંતિક સંતની અનન્યતા (૧૩ થી ૧૭)** (૧) ભારતીય દર્શનશાસ્ત્રમાં ગુરુ કરવા લાયક આવા સત્પુરુષને માટે 'શ્રોત્રિય', 'બ્રહ્મનિષ્ઠ', 'સ્થિતપ્રજ્ઞ', 'ગુણાતીત' અને 'ભાગવતોત્તમ' જેવાં વિશેષણો વાપરી તેમનો મહિમા કહ્યો છે. આવા પરમ એકાંતિક સંતની મોટપ ભગવાન સ્વામિનારાયણે તેમના વચનામૃતમાં ઠેર ઠેર કહી છે. આવા સંતને 'નૈમિષારણ્ય ક્ષેત્રરૂપ', 'શ્રેષ્ઠ વૈષ્ણવ', 'પાકો સત્સંગી' 'અનન્ય ભક્ત', 'સર્વ હરિભક્તમાં મુખિયો', 'ઉત્તમ ભક્ત', સર્વ થકી ઉત્તમ', 'ભાગવતનિષ્ઠાથી', 'પરમ ભાગવત સંત', 'પોતાના હૃદય સમાન', 'સર્વ જગતના આધારરૂપ', 'ગુણાતીત સંત', 'નિર્ગુણ બ્રહ્મસ્વરૂપ', 'પ્રત્યક્ષ ગુરુરૂપ હરિ' - જેવા સર્વોત્તમ ઈલ્કાબ આપ્યા છે. (૨) પરમ એકાંતિક ભક્તનો મહિમા વર્ણવતાં શ્રીહરિ કહે છે, એવા 'સાધુ થકી કોઈ બીજી મોટી પદવી નથી. જેમ રાજા હોય ને તેની રાણી હોય, તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો હુકમ ચાલે; તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે, તેવો જ એ સાધુનો પણ પ્રતાપ છે.' (ગ.મ. ૨૨) આ જ વાતની પુષ્ટિ કરતા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'ભગવાનથી કામ થાય, તેટલું એકાંતિકથી થાય છે.' (૩) સકળ વિશ્વમાં અને વિશ્વની બહાર જે કાંઈ 'અનંત આશ્ચર્યો, તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેના કર્યાં જ થાય છે, એમ સમજે; પણ પ્રગટ પ્રમાણ જે ભગવાન તે વિના બીજો કોઈ એ આશ્ચર્યનો કરનારો છે, એમ માને નહિ અને પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે, તથા હમણાં જે થાય છે, તથા આગળ જે થશે, તે સર્વે મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે. એમ સમજે અને વળી પોતે એમ સમજતો હોય જે, ચાયે કોઈ મારી ઉપર ધૂળ નાંખો, ચાયે કોઈ ગમે તેવું અપમાન કરો, ચાયે કોઈ હાથીએ બેસાડો, ચાયે કોઈ નાક-કાન કાપીને ગધેડે બેસાડો; તેમાં મારે સમભાવ છે તથા જેને રૂપવાન એવી યૌવન સ્ત્રી અથવા કુરુપવાન સ્ત્રી અથવા વૃદ્ધા સ્ત્રી તેને વિષે તુલ્યભાવ રહે છે; તથા સુવર્ણનો ઢગલો હોય તથા પથ્થરનો ઢગલો હોય તે બેયને જે તુલ્ય જાણે છે.... એવી જાતના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભગુણ તેણે યુક્ત જે ભક્ત હોય તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે.... પછી તે ભક્ત જે તે ભગવાનના પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે, ને અનંત જીવના ઉદ્ધારને કરે છે. અને એવી સામર્થિએ યુક્ત થકો પણ અન્ય જીવનાં માન-અપમાનને સહન કરે છે. (ગીતામાં કહ્યા એવા 'સ્થિતપ્રજ્ઞ જેવો હોય છે.) એ પણ મોટી સામર્થી છે. કાં જે સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહિ. એવી રીતે જરણા કરે તેને અતિ મોટા જાણવા અને એ સમર્થ તો કેવા જે એના નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલા જીવપ્રાણી માત્ર છે તેના નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે અને એના પગમાં ચાલનારા ભગવાન છે, તે માટે બ્રહ્માંડમાં સર્વ જીવના પગને વિષે ચાલવાની શક્તિને પોષણ કરવાને સમર્થ થાય છે; એમ એ સંતની સર્વ ઈન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે. તે માટે એ સંત તો બ્રહ્માંડના સર્વે જીવોના ઈન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે. (ગ.પ્ર. ૨૭) તેથી જ સદ્. નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'સર્વે રીતે સંતમાં રહું છું રે, એમાં રહી ઉપદેશ દઉં છું રે;  
સંત બોલે તે ભેળો હું બોલુ રે, સંત ન ભૂલે હું યે ન ભૂલું રે...  
સંત વાત ભેળી કરું વાત રે, એમ સંતમાં છઉં સાક્ષાત્ રે.....  
સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે;  
સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતિ રે.'

માટે 'જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે, તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઈત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે, તેવું જ પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના (પરમ એકાંતિક) ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈએ સમજવું બાકી રહ્યું નહિ. તે આ વાર્તા એકવાર કહ્યે સમજો, અથવા લાખ વાર કહ્યે સમજો; પણ એ વાત સમજે જ છૂટકો છે. અને નારદ,

સનકાદિક, શુકજી, બ્રહ્મા, શિવ એમને પૂછો, તે પણ ડાહ્યા છે; તે અનેક વાતની યુક્તિ લાવીને પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત (પરમ એકાંતિક) ભક્ત તેને જ કલ્યાણના દાતા બતાવે છે અને જેવું પરોક્ષ ભગવાન અને પરોક્ષ સંતનું માહાત્મ્ય છે, તેવું જ પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતનું માહાત્મ્ય બતાવે છે અને એટલો જેને દૃઢ નિશ્ચય થયો હોય તેને સર્વે મુદ્દો હાથ આવ્યો અને કોઈ કાળે તે કલ્યાણના માર્ગ થકી પડે નહિ. માટે સર્વ શાસ્ત્રનું રહસ્ય આ વાર્તા છે. (ગ.મ.૨૧) **(૪)** તેથી જ ''ભગવાનના સ્વરૂપનું ચિંતવન ન થઈ શકે તો પણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેણે યુક્ત એવા (એકાંતિક) જે આ સાધુ તેને મધ્યે પડી રહેવું અને અમારે પણ એ જ અંતરમાં વાસના છે જે, આ દેહને મૂકશું પછી કોઈ રીતનો જન્મ થવાનું નિમિત્ત તો નથી; તો પણ અંતરમાં એમ વિચારીએ છીએ જે, 'જન્મ ધર્યાનું કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતનાં મધ્યમાં જન્મ ધરવો,' એમ જ ઇચ્છીએ છીએ..... અને જેને ઘેર એવા પુરુષે જન્મ ધર્યો તેનાં મા-બાપ પણ કૃતાર્થ થયાં જાણવાં.... અને એ તો સર્વ હરિભક્તમાં મુખિયો છે.'' (ગ.મ. ૪૮) અને 'એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે, તે જ અમારે સગાં-વ્હાલાં છે, ને તે જ અમારી નાત છે. ને આ દેહે કરીને પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે. ને ભગવાનના ધામમાં પણ એવા વૈષ્ણવ ભેળું જ રહેવું છે.' (ગ.અં. ૨૧) **(૫)** ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન પણ કહે છે : 'स च मे प्रियः' એવા એ શ્રેષ્ઠ વૈષ્ણવ છે. (વર. ૨૦) અને તે જ પાકો સત્સંગી છે. (ગ.મ. ૯) તથા એવા એકાંતિક સંત તે તો ગુણાતીત છે. (વર. ૧) (गुणातीतः स उच्यते –ગીતા) અને ભગવાનના નિશ્ચયરૂપ તદાત્મકપણાવાળા, નિર્વિકલ્પ સમાધિવાળા, 'નિર્ગુણ બ્રહ્મસ્વરૂપ' એ સંત છે. (ગ.મ. ૧૪) 'બ્રહ્મસ્વરૂપ એવા જે સત્પુરુષ તે તો ત્રણ શરીર ને ત્રણ અવસ્થા તે થકી પર વર્તતા હોય અને ચૌદે ઇન્દ્રિયોની ક્રિયા તે પોતાને વિષે એકે માનતા ન હોય એવા હોય છે. (વર. ૧૧) એવા 'ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિએ સંપન્ન સત્પુરુષને આ લોકને વિષે (સાચા અર્થમાં) સદ્ગુરુ કહેવાય છે અને એવા સાધુના દર્શનમાત્રે કરીને સર્વ પાપ નાશ પામી જાય છે. એવા એકાંતિક સંતની નિર્દોષભાવે સેવા જે મુમુક્ષુ કરે છે, તેના પર પરમેશ્વર કૃપાદૃષ્ટિ કરે છે અને તેના સર્વે વિકારમાત્ર તત્કાળ ટળી જાય છે. એવા મોટા એ સંત છે. (ગ.મ. ૭) અને તે જ 'ભગવાનનો જ્ઞાની ભક્ત કહેવાય, એકાંતિક ભક્ત કહેવાય, અનન્ય ભક્ત કહેવાય.' (ગ.મ. ૬૫)

**('ધાર્મિક વિધાનો અને ભાવનાઓ' પાંચમી આવૃત્તિ, માર્ચ, ૨૦૦૬ના આધારે)**

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોનો મુદ્દાસર જવાબ લખો. (કુલ ગુણ : ૧૪)**

**નોંધ :-(૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. (૨) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે.**

૧. **બાળસંસ્કારનું મહત્ત્વ અને તેનું કેવી રીતે સિંચન કરવું ? (૬૩) બાળસંસ્કારનું મહત્ત્વ : (૬૨-૬૩)** વૃક્ષનો મહિમા એટલે તેનું બીજ. બીજ સારું તો વૃક્ષ સારું. ચારિત્ર્યશીલ, સુખી, સમૃદ્ધ સમાજનું બીજ એટલે સંસ્કારી બાળક. બાળકનું જેવું ઘડતર એવું ભાવિ સમાજનું નિર્માણ. બાળક આવતી કાલનો નાગરિક છે. એના ઘડતર પર સમાજ ટકશે. એના ઘડતર પર આપણી સંસ્કૃતિની અસ્મિતા રહેશે. એના ઘડતર પર આપણી સંપત્તિનો વિકાસ કે વિનાશ થશે. એ ઘડતર પર આપણું પોતાનું સુખ અવલંબિત છે. બાળક સમગ્ર માનવજાતનો પિતા છે. કઈ રીતે ? તમે બાળકનો જેવો ઉછેર કરશો તેવા સંસ્કાર એ બાળક પોતાનાં સંતાનોમાં આપશે અને એ સંતાનો પોતાનાં બાળકોમાં અને એમ ક્રમ ચાલ્યા કરશે. બાળસંસ્કાર એટલે બાળકનું ઘડતર, સુખી કુટુંબની રચના, સ્થિર સમાજનો પાયો અને શાંતિમય વિશ્વનું સર્જન.

**બાળ સંસ્કારનું સિંચન :**

| | |
|---|---|
| (૧) માતા-પિતાના આચાર-વિચાર, આચરણ, શ્રેષ્ઠ નકલખોર, ઘરસભા, હેતુપૂર્ણ અભ્યાસ. | ૬૪ થી ૬૭ |
| (૨) બાળસંસ્કારનું વિધ્વંસક ટી.વી. : શારીરિક, શૈક્ષણિક તેમજ બૌદ્ધિક, આંતરિક અસર. | ૬૮ થી ૭૧ |
| (૩) તમારું ઘર એવું હોય કે- | ૭૨ |
| (૪) બાળસંસ્કાર માટે પ્રમુખસ્વામી મહારાજનું માર્ગદર્શન. | ૭૩ |

૨. **મંદિર શા માટે ? મોટાં ભવ્ય મંદિરોની રચના શા માટે ? ખર્ચ શા માટે ?**

**મંદિર શા માટે ?** (૪૮થી૪૯) આગમના શાસ્ત્રો પ્રમાણે રચાયેલાં આ મંદિરોમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ભગવાનની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. આ લોકમાં પોતાથી મોટા અમલદારની, રાજા વગેરેની મર્યાદાઓ પણ માણસ સ્વીકારે છે, તો પ્રતિષ્ઠિત સ્વરૂપની મર્યાદાઓનો સ્વીકાર ભક્તોમાં સહજભાવે હોય છે. મંદિરોની મૂર્તિ એ પથ્થરોમાં કંડરાયેલ કે ધાતુનાં શિલ્પ નથી, પરંતુ એ સાક્ષાત્ પરમેશ્વર જ છે. આથી જ આ અર્ચાસ્વરૂપની પ્રત્યક્ષ સ્વરૂપ પ્રમાણે જ સેવા-પૂજા થાય છે. પ્રાતઃકાળે ભગવાનને જગાડવા, દંતધાવન કરાવવું, સ્નાન કરાવવું વગેરે પ્રાતઃ ક્રિયાઓથી રાત્રી

શયન સુધી સમગ્ર દૈનિક ક્રિયાઓ દ્વારા ભગવાનની સેવા કરવામાં આવે છે. આ સમય-સમયના, ભગવાનનાં વિવિધ દર્શનોમાં તથા સેવામાં ભક્તનું મન નિમગ્ન રહે છે, આનંદિત રહે છે. તદુપરાંત મંદિરોમાં રહેતા, પરમેશ્વરને સમર્પિત શુદ્ધ પવિત્ર જીવન જીવતા સંતોનો સમાગમ પણ મંદિરમાં આવવાથી સાંપડે છે. આ સત્સંગના લાભની કોઈ તુલના થઈ શકે તેમ નથી. આવા સંતોના મુખેથી ઉચ્ચારાતી સાદી અને સરળ પણ અર્થ ગંભીર વાણી વ્યક્તિના અંતરાત્માને જગાડે છે. અનેકનાં કુસંસ્કારો વ્યસનો છૂટે છે અને તેઓ ભક્તિમય, ધર્મમય સારા સંસ્કારો પ્રાપ્ત કરે છે. સંતોના કથામૃત દ્વારા આત્મા-પરમાત્માના જ્ઞાનનું ઊંડાણ પ્રાપ્ત કરી જીવનમાં સ્થિરતા, શાંતિ પ્રાપ્ત કરે છે. ભગવાનનાં ચરિત્રોનું ગાન, મહિમાનું કથન, ગુણોનું કીર્તન તથા ભગવાનનું ધ્યાન વગેરે ભક્તિમય ક્રિયાઓથી ગુંજતાં મંદિરોમાં પ્રવેશતા સામાન્ય માણસને પણ પરમાત્માની સંનિધિ અનુભવાય છે. મંદિરોમાં બાળકોને પોષણ આપતી, સંસ્કારિત કરતી, ઊછળતી કૂદતી યુવાશક્તિને સર્જનાત્મક મોડ આપી, સદાચારનો ઓપ આપી વિકસિત કરતી, મહિલાઓને સાચું માર્ગદર્શન આપી માતૃશક્તિ જાગૃત કરતી અનેકવિધ પ્રવૃત્તિઓની સંસ્કાર ગંગા વહે છે. માનસિક, શારીરિક, કે કુદરતી આપત્તિઓ વખતે માનવીને પડખે ઊભી રહેતી, સહાયભૂત થતી અનેક સામાજિક સેવાઓનું પ્રેરણાબિંદુ પણ મંદિરો જ હોય છે. માણસને ઘડવા માટે મંદિર, સમાજ ઘડતર માટે મંદિર, સમાજની શુદ્ધિ માટે મંદિર, સદાચારની પ્રેરણા માટે મંદિર, મનની સ્થિરતા માટે મંદિર, ભક્તિ માટે મંદિર, સુખ શાંતિ માટે મંદિર, મંદિર શું નથી ? મંદિરો આપણા સૌના જીવન માટે - ઉત્કર્ષ માટે જ છે. અને અત્યંત જરૂરી છે.

**મોટાં ભવ્ય મંદિરોની રચના શા માટે ? ખર્ચ શા માટે ? (૫૦ થી ૫૧)** જુગારખાનાં, સિનેમાગૃહો, ક્લબો જેવાં સ્થાનો પાછળ કરોડો રૂપિયા ખર્ચાય છે એનો પ્રશ્ન આપણે ક્યારેય ઉઠાવ્યો છે ? જ્યાંથી બહુધા દુરાચારની દુર્ગંધ જ વહેવાની છે, માનવીનું પતન કહેતાં સમાજનું પતન જ થવાનું છે એ માટે ક્યારેય કોઈને પ્રશ્ન થાય છે ? નથી થતો. કારણ માનવીમાં ઊંડે ઊંડે રહેલો દુરાચાર એને મૌન બનાવી દે છે. 'મંદિરો શા માટે ?' એમ પૂછનાર, કહેનાર આવાં પાપ-સ્થાનોમાં સભ્ય હોય છે મુલાકાતી હોય છે. હા, ક્યારેક આપણે સમાજોપયોગી શાળાઓ, હૉસ્પિટલો, અનાથાશ્રમો વગેરે કાર્યોને આગળ ધરીએ છીએ. આ બધાં જ કાર્યો જરૂરી છે. પણ શાળાનું કાર્ય હૉસ્પિટલ કરી શકશે ? હૉસ્પિટલનું કાર્ય અનાથાશ્રમ પૂરું કરશે ? પ્રત્યેકનું કાર્યક્ષેત્ર અંગત છે. સમાજને આ બધાની જરૂર છે. આપણે એ ભૂલીએ છીએ કે આવાં કાર્યો, કાર્ય કરનાર માનવી પર અવલંબે છે. અને એ માણસને સીધી રીતે કે પરંપરા દ્વારા પણ ઘડનાર કોઈ શાળા હોય તો તે છે મંદિર. આવી અત્યંત જરૂરી, માનવઘડતરની શાળા કહેતાં મંદિર પાછળ ખર્ચ થાય છે તે શું બિનજરૂરી છે ? આ મંદિરોની પણ અગત્યતા છે, એની ભવ્યતાની પણ અસર છે. વળી, સમાજના ધનકૂબેરો, રાજવીઓનાં આવાસો કેવા ભવ્ય હોય છે ? વર્તમાનયુગમાં રાષ્ટ્રપ્રમુખ, વડાપ્રધાન વગેરે દેશની પ્રમુખ વ્યક્તિ ગણાય. એ સૌની વ્યવસ્થા પણ આપણે કેટલી સુંદર જાળવીએ છીએ. દેશના મોભા પ્રમાણે એમનાં આવાસસ્થાનો હોય છે. તો પછી સર્વના સ્વામી એવા પરમેશ્વરનો પ્રાસાદ પણ ભવ્યાતિભવ્ય હોય એવી ભક્તોની ભાવના રહે એ સ્વાભાવિક છે. પૂર્વે ભક્તહૃદયના રાજા-મહારાજાઓ, રાષ્ટ્રના સ્વામી પરમેશ્વરને સ્વીકારતા. આથી જ તેઓ પરમેશ્વરના અતિ મહાન પ્રાસાદો-મંદિરોનું નિર્માણ કરતા અને તેમાં ભગવાનના અર્ચનસ્વરૂપની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરાવતા. વર્તમાનકાળે ભક્તોનો સમૂહ એકત્ર થઈ આવાં ભવ્ય મંદિરોની રચના કરે છે, જે સૌ જન માટે ઉપયોગી, લાભદાયી હોય છે.

**(વિભાગ - ૨ : ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૪ અને ૫, પાંચમી આવૃત્તિ, એપ્રિલ, ૨૦૦૫ના આધારે)**

**અભ્યાસક્રમના ઉદ્‌ગીથ : ભાગ-૪ : ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૮,૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ભાગ-૫ : ૧, ૨, ૫, ૯, ૧૦, ૧૧, ૧૩, ૧૭, ૧૮, ૨૩, ૨૪, ૨૫**

**પ્ર.૫ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ : (૧) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના ભાગ નંબર/પાના નંબર દર્શાવે છે. (૨) જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા. (૩) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**૧. શ્રીજીમહારાજે રચેલાં મંદિરોમાં વ્યક્ત થતી ભક્તે સહિત ભગવાનની ઉપાસના અને તેનું હાર્દ.**

૧. પૂર્વ ભૂમિકા : પંચાળામાં મહારાજ ત્રણ સંકલ્પો કરે છે. તેમાં મંદિર નિર્માણનો પણ સંકલ્પ. ૪/૨૮૬

૨. અમદાવાદમાં - પરમાત્માને પરોક્ષ નહીં પણ પ્રત્યક્ષ સમજે છે, એટલે સૌમાં સુહૃદભાવ છે. - મહારાજ યજ્ઞશાળામાં

પધારે છે - આ નરની મૂર્તિ અક્ષરનો અંશ છે, નારાયણની મૂર્તિ પુરુષોત્તમનો અંશ છે. - કાશીદાસ મોટાને મર્મ સમજાવે છે. અનંત નરનારાયણ, કૃષ્ણનારાયણ, લક્ષ્મીનારાયણ અને વાસુદેવનારાયણની ઉપાસના કરે છે. - મહારાજે આનંદ સ્વામીને પોતાનું સ્વરૂપ સમજાવ્યું. ૪/૩૨૧-૩૨૪

૩. ભૂજ મંદિરમાં મહારાજે કરેલી નરનારાયણ દેવની પ્રતિષ્ઠા. ૪/૪૦૫

૪. વરતાલ મંદિરમાં લક્ષ્મીનારાયણ દેવની પ્રતિષ્ઠા - 'કલ્યામ તો અમારી મૂર્તિના સંબંધથી જ થશે.' ૫/૧૨ થી ૧૫

૫. અક્ષરાત્મક નરોત્તમ નારાયણ એટલે શ્રીજીમહારાજ અક્ષરના આત્મા છે અને સર્વે નરોમાં ઉત્તમ એવા નારાયણ પુરુષોત્તમ છે. મહારાજે શ્વેતદ્વીપમાં તપ કરતી વાસુદેવની મૂર્તિ તૈયાર કરાવડાવી અને તેની નીચે અક્ષરાત્મક નરોત્તમ નારાયણ એવું મીઠારામને લખવાનું કહ્યું. આ મૂર્તિ સુરતના સ્વામિનારાયણ મંદિરના સભામંડપમાં છે. ૫/૪૭

૬. ધોલેરામાં મહારાજે શ્રીકૃષ્ણની મૂર્તિનું નામ મદનમોહન રાખ્યું - પ્રતિષ્ઠાની આરતી ઉતારી - મૂર્તિમાંથી નીકળતો શીતળ, શાંત પ્રકાશ મદનમોહનની મૂર્તિમાં પ્રવેશ્યો - મહારાજે કહ્યું આ મદનમોહનની મૂર્તિ બહુ જ ચમત્કારી છે અને જે ભક્ત ભક્તિભાવથી તેનું પૂજન કરશે તેના સર્વે મનોરથો પૂરા થશે. ૫/૧૮૫ થી ૧૮૬

૭. જૂનાગઢમાં શ્રી રણછોડ ત્રિકમરાય, સિદ્ધેશ્વર મહાદેવની પ્રતિષ્ઠા. - ૫/૨૫૨ થી ૨૫૪

૮. જૂનાગઢમાં મૂર્તિપ્રતિષ્ઠા સમયે શ્રીજીમહારાજે કહ્યું 'આ ગુણાતીતાનંદ સ્વામી મંદિરના મહંત - ફેરવણી કરવી નહિ પડે - અમારું જે દિવ્ય અક્ષરધામ - કૃષ્ણાર્પણ કરીએ છીએ. ૫/૨૫૨-૨૫૩

૯. ગઢપુરમાં ગોપીનાથ દેવ અને જબરેશ્વરની મૂર્તિ પ્રતિષ્ઠા. ૫/૨૭૨ થી ૨૭૬

૧૦. ઉપસંહાર (હાર્દ) **નોંધ** : મહારાજે પધરાવેલ મૂર્તિઓનો ગૂઢાર્થ - અક્ષરે સહિત પુરુષોત્તમ- ભક્તે સહિત ભગવાનની ઉપાસના જ કરવી તેનું વિવરણ સ્વતંત્ર રીતે પરીક્ષાર્થીએ લખવાનું છે. પરીક્ષાર્થીએ લખેલા લખાણ પ્રમાણે ગુણ આપવા.)

**૨. પંચાળામાં શ્રીજીમહારાજનાં દિવ્ય અને માનુષી ચરિત્રો**

૧. પંચાળામાં ફૂલદોલોત્સવઃ આ.સં. ૧૮૭૭ - ધુંવાબરાઈના કાશીરામ મહારાજનું પૂજન કરે છે. ૪/૨૭૩
૨. લીધી લટકાળે નંદલાલ કે હાથ કબાણને ૪/૨૭૫
૩. ભક્ત અને ભગવાનનું તાત્વિક ઐક્ય ૪/૨૭૬
૪. જુઓ અમારા તિલક ! ૪/૨૭૯
૫. મહારાજ ઉદાસ થાય છે. ૪/૨૮૩
૬. મુક્તાનંદ સ્વામી ત્રણ વિનંતી કરે છે. ૪/૨૮૫
૭. ફૂલદોલનો ઉત્સવ આ.સં. ૧૮૭૯ ૪/૩૬૯
૮. અમારી સાથે રાસ રમો. પંચાળામાં મહારાસ ૪/૩૭૧
૯. રંગલીલા ૪/૩૭૫
૧૦. આ મહાદેવની યથાવિધિ પૂજા થાય તેવો બંદોબસ્ત કરાવજો. ૪/૩૭૭
૧૧. શેલણ જમાડો - એવા પાપીને તે વળી જમાડવાના હોતા હશે ? ૪/૩૮૨ થી ૩૮૩
૧૨. અમે આવો લહાવો લીધો નથી. - મને વિષ્ટાની ગંધ આવે છે. (મનુષ્યચરિત્ર) ૪/૩૮૪ થી ૩૮૬

**૩. શ્રીહરિની સુરત શહેર અને મહાનુભાવોને ત્યાં પધરામણી**

૧. અરદેશર શેઠ બહુ ભારે મુમુક્ષુ છે - મહારાજ રૂસ્તમ બાગમાં ઊતર્યા - તાપી તટે ભક્તોનો મહેરામણ - ૫/૨૮,૨૯,૩૧
૨. અશ્વિનીકુમારથી સુરત તરફ ભવ્ય શોભાયાત્રા - પ્રસાદીના લાલજીનાં દર્શને- મહારાજ અરદેશર શેઠનું સન્માન કરે છે. ૫/૩૨થી૩૫
૩. ખુદા હોય તેમનામાં જ વિવેક, નમ્રતા હોય છે. ૫/૩૬થી૩૮
૪. સુરતના નવાબ મહારાજને પોતાના દરબારમાં પધરાવે છે. ૫/૪૦
૫. એરન સાહેબને બંગલે મહારાજની પધરામણી - એન્ડરસનને બંગલે ૫/૪૩થી૪૪
૬. અરદેશરની વાડીમાં મહારાજની પધરામણી ૫/૪૭

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો.** (કુલ ગુણ : ૨૦)

**☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. શ્રીજીમહારાજની બિશપ હેબર સાથે મુલાકાત.**

| | | |
|---|---|---|
| ૧. | રેજીનાલ્ડ બિશપ હેબર ઇંગ્લૅન્ડના ચર્ચના પ્રતિનિધિ | ૫/૯૫ |
| ૨. | ખ્રિસ્તી ધર્મના પ્રસારણ માટે - | ૫/૯૫ |
| ૩. | મિ. જેમ્સ વિલિયમ્સે સ્વામિનારાયણના કાર્યોની કરાવેલી ઝાંખી - મહારાજને મળવાની ઈચ્છા - | ૫/૯૫ |
| ૪. | સ્વામિનારાયણને ખ્રિસ્તી ધર્મમાં સામેલ કરવાની ભાવના | ૫/૯૫ |
| ૫. | મહારાજના પાર્ષદો તથા મિયાંજીની નડિયાદ નજીક બિશપ સાથે મુલાકાત - | ૫/૯૫ |
| ૬. | હિંદુ અને મુસલમાનના ભેદ સ્વામિનારાયણે સ્વીકાર્યા નથી. | ૫/૯૬ |
| ૭. | બીજે દિવસે બપોરે અગિયાર વાગે મળવાનું નક્કી થયું - બિશપે હાથીદાંતથી મઢેલી ખુરશી પર મહારાજને બેસાર્યા. | ૫/૯૬ |
| ૮. | બિશપે જીસસ ક્રાઈસ્ટનું સ્વરૂપ સમજાવવાનો કરેલો પ્રયત્ન. | ૫/૯૭ |
| ૯. | મહારાજે પરમાત્મા અને ઉપાસના સબંધી કરેલી વાતો. | ૫/૯૭ |
| ૧૦. | તેમના પુસ્તકમાં મહારાજે આપેલા હસ્તાક્ષર - બિશપે પણ આપેલા હસ્તાક્ષર. | ૫/૯૭ |

**૨. શ્રીજીમહારાજ અને સદ્‌ગુરુઓએ સ્વમુખે કહેલી પોતાની વિશેષતા**

| | | |
|---|---|---|
| ૧. | તમારામાં કયો વિશિષ્ટ ગુણ છે ? ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામીને મહારાજનો પ્રશ્ન | ૪/૩૪૧ |
| ૨. | મુક્તાનંદ સ્વામી : કોઈ ગમે તેટલો ક્રોધમાં હોય તો પણ તેનો ક્રોધ શમી જાય - મારી વાત સાંભળીને ગમે તેવા કઠણ હૃદયના માણસનું પણ અંતર પીગળી જાય. | ૪/૩૪૧ |
| ૩. | બ્રહ્માનંદ સ્વામી : કાવ્ય રચનામાં તેમના જેવી ઝડઝમક બીજો કોઈ કવિ ન કરી શકે. | ૪/૩૪૧-૩૪૨ |
| ૪. | નિત્યાનંદ સ્વામી : વિદ્વતામાં અજોડ અને અજેય. | ૪/૩૪૨ |
| ૫. | ગોપાળાનંદ સ્વામી : આપની ઈચ્છા વિના તરણું પણ હાલતું નથી, પણ કદાચ હું ધારું તો આપની કૃપાથી હું પણ હલાવી શકું. | ૪/૩૪૨ |
| ૬. | આપનામાં શું વિશેષતા છે ? બ્રહ્માનંદ સ્વામીનો પ્રશ્ન. | ૪/૩૪૬ |
| ૭. | મહારાજ : કોઈ છ મહિના સુધી પ્રશ્ન ગોઠવે ને એવો આંટીઘૂંટીવાળો પ્રશ્ન અમે માણકી પર સવારી કરવા તેના એક પેંગડામાં પગ રાખ્યો હોય અને બીજા પેંગડામાં પગ મૂકવા જઈએ અને જેટલી વાર લાગે તેટલી વારમાં અમે તે પ્રશ્નનો ઉત્તર કરી દઈએ. | ૪/૩૪૬ |

**૩. જૂનાગઢ મંદિર નિર્માણમાં ગુણાતીતાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીનો પુરુષાર્થ**

| | | |
|---|---|---|
| ૧. | જૂનાગઢ મંદિરનું ખાત મુહર્ત થાય છે. | ૫/૧૮૨ |
| ૨. | ગોપાળ સ્વામી તો અમારી મરજીના જાણનારા છે. - શ્રીજીમહારાજ | ૫/૧૮૫ |
| ૩. | બ્રહ્માનંદ સ્વામી રંગીલદાસની વાત ગોપાળાનંદ સ્વામીને કરે છે. - મૂર્તિ પ્રતિષ્ઠાનું નક્કી કરે છે. | ૫/૨૪૫-૨૪૬ |
| ૪. | બ્રહ્માનંદ સ્વામી ઘોડાને નિષ્કામી કરે છે. | ૫/૨૫૦ |
| ૫. | બ્રહ્માનંદ સ્વામી કહે છે - મહંત વિચારીને નીમજો. - અમારું સર્વસ્વ જે આ સાધુ તે સોરઠ દેશને કૃષ્ણાપર્ણ કરીએ છીએ. - શ્રીજીમહારાજ | ૫/૨૫૨ |
| ૬. | મહારાજ સ્વામીનું ગાદી-તકિયાથી સન્માન કરે છે. | ૫/૨૫૩ |

**૪. સત્સંગિજીવન ગ્રંથની રચના.**

| | | |
|---|---|---|
| ૧. | સત્સંગિજીવન ગ્રંથ રચવાનો પ્રારંભ | ૫/૨૮૦-૨૮૧ |
| ૨. | મહારાજને શ્રીકૃષ્ણ જેવા કહેવાય જ કેમ ? | ૫/૨૮૦-૨૮૧ |
| ૩. | મહારાજ નિત્યાનંદ સ્વામીને દેશવટો આપે છે - નિત્યાનંદ સ્વામી સભાનું ભૂષણ હતા. | ૫/૨૮૨-૨૮૩ |
| ૪. | નિત્યાનંદ સ્વામી પાછા આવે છે - ઉપાસક તો આવા જ હોવા જોઈએ. | ૫/૨૮૩-૨૮૪ |

**(વિભાગ : ૩ - નિબંધ : સામાન્ય જ્ઞાન)**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસા આવરી શકાય છે. જેવા કે મૌલિકતા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

૧. **આદિવાસી ઉત્કર્ષમાં બી.એ.પી.એસ.નાં મંદિરોનું પ્રદાનઃ (૧)** શ્રીજીમહારાજે ત્યાગનો પક્ષ મોળો કરીને પણ ઉપાસના રહે તે સારું મંદિરોનું નિર્માણ - નીલકંઠવર્ણી રૂપે ધરમપુરથી ગુજરાતમાં પ્રવેશ - દિવ્ય દૃષ્ટિપાત - પરી ધરમપુર - વાંસદા પધાર્યા. **(૨)** બી.એ.પી.એસ. સંસ્થાએ પણ આદિવાસી ઉત્કર્ષ માટે કમર કસી - પ્રમુખસ્વામી મહારાજનું ૧૯૭૨થી વિચરણ - વિકટ પરિસ્થિતિ - પશુથી બદતર હાલતમાં જીવન જીવની પ્રજા - દયાસાગર સ્વામીશ્રી તેમની પરિસ્થિતિ જોઈ ચિંતીત - આદિવાસી પ્રજાના ઉત્કર્ષ માટે પોતાની જાતને હોડમાં મૂકી દીધી. (પ્રસંગો) દક્ષિણ, મધ્ય અને ઉત્તર ગુજરાતના આદિવાસી પ્રદેશોમાં અથાગ પરિશ્રમ કરી વિચરણ - દેહને અસહ્ય ભીડો વેઠી સંતોની સાથે ગામોગામ લઈ ઝૂંપડે ઝૂંપડે ઘૂમી વળ્યા. **(૩)** એક એક મંદિર પાછળ કેટલાય લોકોના જીવન પરિવર્તનની જ્યોતિ પ્રગટેલી હોય છે - પત્નીને મારી નાખવા તૈયાર થયેલ આદિવાસી યુવક ગુસ્સામાં ઘરમાંથી નીકળી કોઈક સ્થળે પહોંચ્યો - ત્યાં શું જોયું - પ્રમુખસ્વામી મહારાજ જેવા સંતનું પ્રવચન - અન્ય સંતો - હરિભક્તોની સભા આ બધું જોયું તેનું જીવન પરિવર્તન - વ્યસનો મૂક્યાં, દૂષણો, મૂક્યાં, સારા સત્સંગી અને સારા કાર્યકર થયા - આ સભા હતી સેલવાસમાં અક્ષરપુરુષોત્તમ મંદિરની મૂર્તિપ્રતિષ્ઠાની - આમ મંદિર એ અનેક આદિવાસીઓના, અનેક મુમુક્ષુઓના જીવન પરિવર્તનનું કેન્દ્રબિંદુ - સ્વામીશ્રી અને સંતો, કાર્યકરોના વિચરણથી સત્સંગનો વિકાસ થયો - હેતપૂર્વકની સમજાવટ, સ્નેહ-પ્રેમનીતરતા નિઃસ્વાર્થ ઉપદેશથી આદિવાસી પ્રજા સારા માર્ગે વળવા લાગી. આદિવાસી ગામોમાં લોકો તિલક-ચાંદલા સહિત પૂજા, માળા કરતાં થયા. (પ્રસંગો) સત્સંગ પ્રવૃત્તિ માટે ગામોમાં યોગ્ય જગ્યાની આવશ્યકતા - તેમાંથી બન્યા કુટિર મંદિરો, હરિમંદિરો, સંસ્કારધામો - કોઈએ જમીન આપી, પ્રજાએ પોતે મહેનત કરી અને વિકાસનાં કેન્દ્રો શરૂ થયા. લોકો દર્શને આવતા ગયા - વિકાસ વધતો રહ્યો. **(૪)** આમ, આદિવાસીઓના ઉત્કર્ષમાં મંદિરોનું પ્રદાન પણ નાનુંસૂનું નથી. મંદિરોમાં આવતા મુમુક્ષુઓ દર્શન, કથાવાર્તા, સંતસમાગમથી પ્રભાવિત - અનેક પરિબળોને કારણે આજે હજારો ગામોમાં સત્સંગ વિકસતો જ રહ્યો. આજે આદિવાસી ક્ષેત્રોના ૨૦૦૦ ગામોમાં હજારો આદિવાસી સત્સંગીઓ, ૧૩૦૦ ઉપરાંત સત્સંગ મંડળો - ૬૦ મંદિરો - સેંકડો બાળમંડળો, મહિલામંડળો સ્વામીશ્રીની આધ્યાત્મિક ગંગાને માણે છે અને મંદિરોમાં આવીને પોતાનું જીવતર ધન્ય ગણે છે. (પ્રસંગો) **(૫)** મંદિરોના કારણે જે વિકાસ થયો છે તે અંગેના મહાનુભાવોના ઉદ્ગારો લખી શકાય. નાના હરિમંદિરોમાંથી સ્વામીશ્રીએ (બાંધકામ ચાલુ) બોડેલી, ગોધરા જેવા બેનમૂન કલાત્મક શિખરબદ્ધ મંદિરોની ભેટ આપીને આદિવાસી ભક્તો પ્રત્યે પોતાના ચિરંતન પ્રેમનું દર્શન કરાવ્યું છે. એક જ સપ્તાહમાં એક જ દિવસે બે શિખરબદ્ધ મંદિરોની પ્રતિષ્ઠા કરીને સ્વામીશ્રી દ્વારા વિરલ વિશ્વવિક્રમ. **(૬)** સ્વામીશ્રીના સ્નેહથી મંદિરોમાંથી સંસ્કારો મેળવી આદિવાસી પ્રજા ઉત્કર્ષને પામી છે. તેઓ સ્વામીશ્રી માટે, સંસ્થા માટે સર્મપિત થવા તૈયાર - આ પ્રજામાંથી એન્જિનીયરો, ડૉક્ટરો બન્યા છે, સંતો થયા છે અને વૈજ્ઞાનિક પણ થયા છે. આ બધાનો યશ અક્ષરપુરુષોત્તમ સંસ્થા તથા તેના મંદિરોને ફાળે જાય છે. આ મંદિરેની સાથે સાથે સ્વામીશ્રી દ્વારા ચૈતન્ય મંદિરો તૈયાર થયાં છે. નીતિમત્તા, પ્રામાણિકતાથી એમના બાળકો કાર્યકરો, કિશોરો, સરકારી કર્મચારીઓને જોઈને ભલભલાના મસ્તક નમી પડે છે. (પ્રસંગો) - ઉપસંહાર.

૨. **આપણી અદ્વિતીય ગુરુપરંપરા : (૧)** કોઈપણ સંસ્થાનું સાતત્ય તેનો સિદ્ધાંત અને તેના આદ્યસ્થાપક તથા તેની ગુરુપરંપરા પર અવલંબે છે. **(૨)** સ્વામિનારાયણ સંપ્રદાયના આદ્યસ્થાપક સ્વયં શ્રીજીમહારાજ ત્યારબાદ ગુણાતીત ગુરુઓની પરંપરા અખંડિત - સત્સંગ લીલો પલ્લવ. તેનું કારણ તેની અદ્વિતીય ગુરુપરંપરા - શ્રીજીમહારાજનું ગુણાતીત સંતમાં અખંડ પ્રાગટ્ય - શ્રીજીમહારાજનું સમ્યક્ પ્રકારે ગુણાતીત સંતમાં દર્શન - જેવું શ્રીજીમહારાજનું વ્યક્તિત્વ તેવું જ ગુણાતીત સંતનું વ્યક્તિત્વ - રોમેરોમમાં શ્રીજીમહારાજ રહ્યા છે. શ્રીજીમહારાજની અંગત સેવામાં રહેલા સંતો, ભક્તો તથા અન્ય મહાનુભાવોના વિધાનો આ અંગેના કીર્તનો, વચનામૃત, સ્વામીની વાતો તથા કીર્તનો અન્ય પ્રમાણો આપી શકાય. **(૩)** ગુણાતીતાનંદ સ્વામી જેવી જ સામર્થી, ભક્તિ, સેવા, અક્ષરજ્ઞાનને ઝીલવાની પ્રાગજી ભક્તની તત્પરતા, સ્વરૂપનિષ્ઠા, અક્ષરબ્રહ્મ સાથે સમ્યક્ પ્રકારે જોડાણ - નિર્માનીતા વગેરે અનેક ગુણોના પ્રાગજી ભક્તમાં દર્શન - ગુણાતીત જ્ઞાનને-અક્ષરબ્રહ્મને ઓળખવા માટે મરણિયા થઈને રહ્યા. (પ્રસંગો) **(૪)** શાસ્ત્રીજી મહારાજને પુરુષોત્તમની પાકી, દૃઢ નિષ્ઠા પરંતુ જ્યારે પ્રાગજી ભક્ત થકી અક્ષરની નિષ્ઠા પાકી થઈ ત્યારે અક્ષર અને પુરુષોત્તમની પાકી નિષ્ઠા થઈ. - આ નિષ્ઠા પાકી થઈ તેના બંને પગલાં અક્ષરધામમાં - આવો યથાર્થ નિશ્ચય થયો, યથાર્થ જ્ઞાન થયું - પ્રાગજી ભક્ત પાસેથી ઝીલેલા આ જ્ઞાનના પ્રવર્તન માટે કટિબદ્ધ - અક્ષરરૂપ થઈને પુરુષોત્તમની ભક્તિ કરવી, અક્ષરરૂપ થઈને પુરુષોત્તમમાં જોડાવું એ સિદ્ધાંત પર બી.એ.પી.એસ. સંસ્થાની સ્થાપના. (વચનામૃત, સ્વામીની વાતોના સિદ્ધાંત લખી શકાય) **(૫)** શાસ્ત્રીજી મહારાજના ઉત્તરાધિકારી તરીકે યોગીજી મહારાજ અને સંસ્થાના વહીવટી કાર્ય માટે પ્રમુખસ્વામી - યોગીજી મહારાજે ગુરુપરંપરાને આગળ ધપાવી - સત્સંગના વિકાસ,

પ્રસાર-પ્રચાર માટે વિદેશ પ્રવાસ, રવિસભા, બાળમંડળો, યુવકમંડળોની રચના - તેના કારણે વિકાસમાં ઉત્તરોત્તર પ્રગતિ. (પ્રસંગો લખવા) (૬) યોગીજી મહારાજ પછી સ્વામીશ્રી દ્વારા સત્સંગના વિકાસમાં હરણફાળ - સંતોની સંખ્યામાં વધારો, હરિભક્તો, મંદિરો વગેરેમાં આડો આંક વાળી દીધો છે. અનેકગણી વૃદ્ધિ સત્સંગમાં - વિશ્વવિક્રમ સુધી સંસ્થાની પ્રવૃત્તિઓને પહોંચાડવાનું અદ્વિતીય કાર્ય સ્વામીશ્રી દ્વારા. (પ્રસંગો) આમ, આ સંપ્રદાય લીલો પલ્લવ તેની અદ્વિતીય ગુરુપરંપરાને કારણે જ. - ઉપસંહાર.

૩. **સ્વામિનારાયણીય સાધનામાં આત્મવિચાર :** (૧) આત્મવિચાર એટલે 'હું આત્મા છું' એવો વિચાર - આ દેહ તે હું નથી એવો વિચાર - સાધના માર્ગમાં સિદ્ધિ. (૨) કોઈપણ સાધકને દશાને પામવા માટે આત્મવિચાર ખૂબ આવશ્યક - પરંતુ આત્મવિચાર ફક્ત સ્વામિનારાયણીય સાધનામાં જ દૃષ્ટિગોચર થાય છે - અનુભવાય છે. (૩) સાધના માર્ગે યથાર્થ આત્મવિચાર કરવાથી અનેક લાભ - અજોડ સિદ્ધિની પ્રાપ્તિ - આત્મવિચાર કરવાથી એટલે કે હું આત્મા છું, અક્ષર છું, બ્રહ્મ છું એવો વિચાર કરવાથી આ માર્ગમાં આવતા વિઘ્નો, આપત્તિઓમાં સમતા રહે - શરીરમાં રોગ આવે, અપમાનજનક દશામાં મૂકાઈએ પણ આત્મવિચારને પામ્યા હોઈએ તો સ્થિરતા રહે. (પ્રસંગો, વચનામૃત, સ્વામીની વાતો તથા અન્ય સાખી, કીર્તનો, સંતોના-હરિભક્તોના પ્રસંગો લખી શકાય.) (૪) દેહભાવ ટળે, આત્મભાવ આવે તો દેહના સુખ દુઃખમાં સમતા રહે યોગીજી મહારાજની આત્મનિષ્ઠા આત્મવિચારને પામ્યા તો દાંતમાં પરું થયું હતું તે ચામડી બહેરી કર્યા વગર દાઢમાંથી પરું કાઢ્યું છતાં સહન કરી લીધું. આત્મવિચાર હોય તો ભગવાનનું કર્તાપણું મનાય - ભગવાનનો રાજીપો પ્રાપ્ત થાય. (૫) ગુણાતીત ગુરુપરંપરામાં આપણા ગુરુવર્યો દ્વારા આત્મવિચારને પ્રાધાન્ય - વિશેષ સ્થાન - આત્મવિચારથી બ્રહ્મરૂપ થવાય અને પુરુષોત્તમનારાયણની પ્રાપ્તિ સરળ બને. આપણા ગુરુવર્યોએ દેહભાવને ટાળી જ નાખ્યો છે અને બ્રહ્મસ્વરૂપને પામ્યા છે. (જો કે આ સત્પુરુષો તો અનાદિના જ છે.) અનેક ભક્તો મુમુક્ષુઓ આત્મવિચાર કરે છે. આ રીતની સાધનાથી અક્ષરના સાધર્મ્યપણાને પામવા માટેના માર્ગે નિર્વિઘ્ને આગળ વધી રહ્યા છે. (૬) આમ, સ્વામિનારાયણીય સાધનામાં ભગવાન અને સંતનો રાજીપો મેળવી સાધન દશામાંથી સિદ્ધદશાને પામવા માટે આત્મવિચાર આવશ્યક સાધન છે. - ઉપસંહાર.

❑ ❑ ❑